## કેન્સર સ્ક્રીનીંગ ટેસ્ટ શું છે?

કેન્સર સ્ક્રીનીંગ ટેસ્ટ કેન્સરના પ્રારંભિક ચિહ્નો શોધી શકે છે. પરીક્ષણો કોષોમાં થતા ફેરફારો અથવા તમારા શરીરમાં ચેપ શોધી શકે છે જે ભવિષ્યમાં કેન્સરનું કારણ બની શકે છે.

ઓસ્ટ્રેલિયાની સરકાર આંતરડા, સ્તન અને ગર્ભાશયનાં મુખનું (સર્વાઇકલ) કેન્સરના પ્રારંભિક લક્ષણો શોધવા માટે ત્રણ રાષ્ટ્રીય કેન્સર સ્ક્રીનીંગ કાર્યક્રમો પૂરાં પાડે છે. જો કેન્સર પ્રારંભિક તબક્કે જોવા મળે છે, તો બચવાની તકો વધુ છે.

**જો તમારી પાસે લીલું અથવા ભૂરું મેડિકેર કાર્ડ હોય તો** કેન્સર સ્ક્રીનીંગ કાર્યક્રમો મફત છે. જો તમારી પાસે મેડિકેર કાર્ડ ન હોય, તો પરીક્ષણો માટે કેટલો ખર્ચ થશે તે વિશે તમારા જીપી સાથે વાત કરો.

## કેન્સર સ્ક્રીનીંગ પરીક્ષણ તમારું જીવન બચાવી શકે છે.

જો તમને આંતરડા, સ્તન અથવા સર્વાઇકલ કેન્સર સ્ક્રીનીંગ વિશે વધુ માહિતી જોઈતી હોય, તો મુલાકાત લો

- cancersa.org.au
- breastscreen.sa.gov.au
- wellbeingsa.sa.gov.au/cervicalscreening

જો તમને કેન્સરનું નિદાન થયા પછી સહાયની જરૂર હોય, તો **કેન્સર કાઉન્સિલ એસએ**ને **૧૩ ૧૧ ૨૦** પર ફોન કરો.



આ સંસાધન વેલબિઇંગ એસએ, બ્રેસ્ટસ્ક્રીન એસએ અને કેન્સર કાઉન્સિલ એસએ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

સંસાધન સૌપ્રથમ ૨૦૧૭માં CALD (કાલ્ડ) વિમેન્સ કેન્સર સ્ક્રીનીંગ એમ્બેસેડર પ્રોજેક્ટ દરમિયાન વિકસાવવામાં આવ્યું હતું.

Government of South Australia
Wellbeing SA

Breast Screen SA

phn COUNTRY SA
An Australian Government Initiative

Cancer Council SA

કેન્સર વિશે મફત* અને ગોપનીય માહિતી અને સહાય માટે, સોમવારથી શુક્રવાર સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી:

- કેન્સર કાઉન્સિલને **૧૩ ૧૧ ૨૦ પર ફોન કરો**
- **cancersa.org.au** પર ઓનલાઈન ચેટ કરો
- ઈમેલ **askanurse@cancersa.org.au**

**૧૩૧ ૪૫૦ પર મફત* દુભાષિયા સેવા ઉપલબ્ધ છે.**

*સ્થાનિક ફોન કોલની કિંમત

ડિસેમ્બર ૨૦૨૨માં પૂનઃસમીક્ષા કરવામાં આવી

Gujarati | ગુજરાતી

Cancer Council SA

# કેન્સર સ્ક્રીનીંગ

## કેન્સરને વહેલી તકે કેવી રીતે શોધવું



કેન્સરનું વહેલું નિદાન

માહિતી અને આધાર

**૧૩ ૧૧ ૨૦**

**cancersa.org.au**




# આંતરડાના કેન્સરનું સ્ક્રીનીંગ

## આંતરડાનું કેન્સર ઘણીવાર કોઈપણ લક્ષણો વગર વિકસે છે. જો આંતરડાનું કેન્સરનું પ્રારંભિક તબક્કે નિદાન થાય, તો બચવાની શક્યતાઓ વધુ છે.

આંતરડાના કેન્સરનાં સ્ક્રીનીંગમાં ફિકલ ઓકલ્ટ બ્લડ ટેસ્ટ (FOBT) કરવાનો સમાવેશ થાય છે. FOBT તમારા મળમાં લોહી શોધે છે જે નરી આંખે જોઈ શકાતું નથી. જો લોહી મળી આવે, તો તેમાં લોહી હોવાનું કારણ શોધવા માટે તમારે વધુ પરીક્ષણની જરૂર પડી શકે છે.

નેશનલ બોવેલ કેન્સર સ્ક્રીનીંગ કાર્યક્રમ દર બે વર્ષે ૫૦-૭૪ વર્ષની વયના તમામ ઓસ્ટ્રેલિયનોને FOBT કીટ ટપાલ મારફતે મફત મોકલશે.

### કેન્સર કાઉન્સિલ એસએ તમને ભલામણ કરે છે:

- જો તમારી ઉંમર ૫૦ વર્ષ કે તેથી વધુ હોય તો દર બે વર્ષે આંતરડાના કેન્સરની તપાસમાં ભાગ લો.
- જો તમને લક્ષણો હોય તો તમારા જીપીને મળો. લક્ષણોમાં તમારા ગુદામાર્ગમાંથી રક્તસ્ત્રાવ, મળ નીકળ્યા પછી શૌચાલયમાં અથવા ટોઇલેટ પેપર પર લોહી જોવું, અથવા અસ્પષ્ટ કબજિયાત અથવા ઝાડા શામેલ છે.
- જો તમારા પરિવારમાં કોઇને આંતરડાનું કેન્સર થઇ ચુક્યું હોય તો, તમારા જીપીને મળો.

**જો તમારી ઉંમર ૫૦-૭૪ વર્ષની હોય તો એ મહત્વનું છે કે જ્યારે તમે ટપાલ મારફતે તમારી FOBT કીટ નેશનલ બોવેલ કેન્સર સ્ક્રિનિંગ પ્રોગ્રામમાંથી મેળવો ત્યારે તેને પૂર્ણ કરો અને પરત કરો.**

**ncsr.gov.au**ની મુલાકાત લો અથવા નેશનલ કેન્સર સ્ક્રિનિંગ રજિસ્ટરને **૧૮૦૦ ૬૨૭ ૭૦૧** પર ફોન કરો:

- નેશનલ બોવેલ કેન્સર સ્ક્રીનીંગ પ્રોગ્રામ તમને મફત FOBT કીટ ક્યારે મોકલશે તે જાણો
- જો તમારી FOBT કીટ ખોવાઈ ગઈ હોય અથવા તે ખરાબ થઇ ગઇ હોય અથવા જો તેની સમયસીમા સમાપ્ત થઈ ગઈ હોય તો નવું પરીક્ષણ મંગાવો
- તમારી ભાષામાં વધુ સંસાધનો ડાઉનલોડ કરો.




# સ્તન કેન્સર સ્ક્રીનીંગ

## સ્તન કેન્સર નોંધપાત્ર લક્ષણો વિના વિકસી શકે છે. જો સ્તન કેન્સરનું પ્રારંભિક તબક્કે નિદાન થાય, તો બચવાની તકો વધુ છે.

સ્તન સ્ક્રીન એ સ્તનોનો એક્સ-રે છે. નિયમિત સ્તન સ્ક્રીન કરાવવાથી સ્તન કેન્સર વહેલું શોધી શકાય છે, ઘણી વાર તમે તેને અનુભવો તે પહેલાં, જ્યારે તે નાનું હોય અને સારવારમાં સરળ હોય. સ્તન સ્ક્રીન એ હાલમાં જે સ્ત્રીઓમાં લક્ષણો નથી તેઓમાં સ્તન કેન્સર શોધવા માટે ઉપલબ્ધ શ્રેષ્ઠ પરીક્ષણ છે.

### કેન્સર કાઉન્સિલ એસએ અને બ્રેસ્ટસ્ક્રીન એસએ તમને ભલામણ કરે છે:


- જો તમારી ઉંમર ૫૦ થી ૭૪ વર્ષની હોય તો બ્રેસ્ટસ્ક્રીન એસએ સાથે દર બે વર્ષે મફત બ્રેસ્ટ સ્ક્રીન કરાવો. જો તમારી ઉંમર ૪૦-૪૯ અથવા ૭૫ અને તેથી વધુ છે તો તમે મફત બ્રેસ્ટ સ્ક્રીન પણ કરાવી શકો.
- કોઈપણ ફેરફારો માટે તમારા સ્તનો નિયમિતપણે તપાસો, પછી ભલે તમારી ઉંમર ૫૦ વર્ષથી ઓછી હોય અથવા નિયમિતપણે સ્તનની તપાસ કરાવતાં હોવ.
- જો તમને તમારા સ્તનોમાં કોઈ ફેરફાર જણાય તો શક્ય તેટલી વહેલી તકે તમારા જીપીને મળો. ફેરફારોમાં તમારા સ્તનમાં ગઠ્ઠો અથવા તમારા સ્તનોના કદ અથવા આકારમાં ફેરફારનો સમાવેશ થાય છે.
- જો તમારા પરિવારમાં પહેલાં કોઇને સ્તન કેન્સર થયું હોય તો, તમારા જીપીને મળો.

**તમારું મફત બ્રેસ્ટ સ્ક્રીન બુક કરવા માટે બ્રેસ્ટસ્ક્રીન એસએને ૧૩ ૨૦ ૫૦ પર ફોન કરો.**

તમારે દુભાષિયાની જરૂર હોય તો તમારી એપોઇન્ટમેન્ટ લેતી વખતે કૃપા કરીને તેમને જણાવો.

**breastscreen.sa.gov.au** ની મુલાકાત લો:

- સ્તન સ્ક્રીન કરાવવા વિશે વધુ માહિતી માટે
- તમારી ભાષામાં સંસાધનો ડાઉનલોડ કરવા.



# સર્વાઇકલ કેન્સર સ્ક્રીનીંગ

## મોટાભાગના ગર્ભાશયનાં મુખનાં(સર્વાઇકલ) કેન્સરને નિયમિત સર્વાઇકલ સ્ક્રીનીંગ દ્વારા અટકાવી શકાય છે.

હવે તમે બે રીતે સર્વિકલ સ્ક્રીનીંગનું પરીક્ષણ કરાવી શકો છો.

1. સ્વ-સંકલન પરીક્ષણ, જે યોનિમાંથી તમારા પોતાના કોષો એકત્રિત કરવા માટે લાંબા-હેન્ડલ્ડવાળા કોટન બડનો ઉપયોગ કરે છે. તમે આ પરીક્ષણ જીપી ક્લિનિકમાં અંગત વ્યવસ્થામાં લઈ શકો છો અથવા જો તમારા જીપી સાથે અગાઉથી ગોઠવણ કરેલ હોય તો કેટલાક કિસ્સાઓમાં તમે ઘરે પણ પરીક્ષણ કરાવી શકો છો.
2. જીપી અથવા નર્સ દ્વારા એકત્રિત કરવામાં આવેલ નમૂના, જ્યાં સ્પેક્યુલમ નાખવામાં આવે છે અને સર્વિક્સમાંથી કોષો એકત્રિત કરવામાં આવે છે.

બંને વિકલ્પો સમાનરીતે સલામત અને અસરકારક છે. તમારા માટે કયો વિકલ્પ યોગ્ય છે તે વિશે તમારા જીપી અથવા નર્સ સાથે વાત કરો.

જ્યારે તમે તમારી એપોઇન્ટમેન્ટ બુક કરો છો, ત્યારે તમે:

- ક્લિનિકમાં સ્વ-સંકલન ઉપલબ્ધ છે કે કેમ તે પૂછી શકો છો
- સંભવિત શુલ્ક વિશે પૂછી શકો છો
- સ્ત્રી જીપી અથવા નર્સ માટે વિનંતી કરી શકો છો
- જો તમારે જરૂર હોય તો દુભાષિયાની વિનંતી કરી શકો છો
- બે એપોઇન્ટમેન્ટની વિનંતી કરી શકો છો.

### કેન્સર કાઉન્સિલ એસએ અને વેલબિઇંગ એસએ ભલામણ કરે છે:

- ૨૫-૭૪ વર્ષની વયના ગર્ભાશયનું મુખ (સર્વિક્સ) ધરાવતી તમામ મહિલાઓ અને લોકો, જેમણે ક્યારેય કોઈ પ્રકારનો જાતીય સંપર્ક કર્યો હોય, તેઓએ દર પાંચ વર્ષે સર્વાઇકલ સ્ક્રીનીંગ પરીક્ષણ કરાવવું જોઈએ.
- ૧૨-૧૩ વર્ષની વયના બાળકોને હ્યુમન પેપિલોમાવાયરસ (HPV) રસી આપવામાં આવે. રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ હેઠળ માધ્યમિક શાળાઓમાં અથવા જીપી ક્લિનિકમાં આ રસી મફતમાં આપવામાં આવે છે.
- જો તમને સમાગમ દરમિયાન અસામાન્ય રક્તસ્રાવ અથવા દુખાવો જેવા કોઈ લક્ષણો હોય તો તમે તમારા ડૉક્ટરને મળો.

વધુ માહિતી માટે**wellbeingsa.sa.gov.au/cervicalscreening**ની મુલાકાત લો અથવા સર્વાઇકલ કેન્સર વહેલી તકે શોધવા માટે **cancersa.org.au** શોધો.